## વડીલોને વંદન અભિનંદન



જગતસિંહ એમ. રૂપારેલ
(૧૯૨૮) ફોનઃ ૨૩૨૨૭૯૮૨

# દહેગામ ન.પા.ની સામાન્ય સભામાં બહુમતીથી વિકાસના કામોને બહાલી

## કોંગ્રેસમાં સત્તા સ્થાનેથી સદસ્ય અને ધારાસભ્યનો પ્રથમ પોતાની શાસક પાર્ટી સામે વિકાસના કામોમાં આક્રોશના વિરોધ સાથે ટાંટીયા ખેંચ

દહેગામ, તા. ૩૦

દહેગામ નગરપાલિકાની સામાન્ય સભામાં વિકાસના કામોમાં બહુમતીથી બહાલી અપાઈ હતી.

સામાન્ય સભામાં ત્રણ સદસ્ય ગેરહાજર રહેતા નગરપાલિકાની કારોબારીની બેઠકમાં એજન્ડામાં સહી ન કરાતા દહેગામ તાલુકા ધારાસભ્ય અને બે સદસ્યોનો ઉગ્ર વિરોધ પોતાના પક્ષના પ્રમુખ પર દોષારોપણ વિરોધ દર્શાવ્યો હતો. પાંચ ટેન્ડર વિકાસના કામો જાહેર કર્યા હતા. તેમાંથી એકજ ટેન્ડર ખોલી તેના કામ આપતા જેનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. શિક્ષણ સમિતિના ચેરમેન પોતાની સત્તા સ્થાનેથી તેમના પતિ વહીવટ કરતા હોવાથી ધારાસભ્યએ પક્ષના જ સદસ્ય સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો.

એન.એસ.ડી.પી.ના કામોમાં જે અગાઉ ઠરાવ કર્યો હતો જે પ્રોસેડીંગની અંદર ખોટો ઠરાવ કરવા બદલ પક્ષના સદસ્ય અને ધારાસભ્યએ પ્રથમ વિરોધ કરતા પક્ષના સદસ્યો અચરજ પામ્યા હતા. જે વિરોધ કરવાને બદલે પોતાના જ પક્ષના ધારાસભ્યે કરતા સદસ્યો અને સામાન્ય સભામાં હાજર રહેલા તમામ ડઘાઈ ગયા હતા. જેની ચર્ચા દહેગામ નગરમાં વાયુવેગે પ્રસરી રહી હતી.



ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જિલ્લા દ્વારા દહેગામના કડજોદરા ગામે જિલ્લા ભાજપા ઉપાધ્યક્ષ અને દહેગામ તાલુકા પ્રભારી જયેશભાઈ ચૌધરી, મંત્રી આઈ.બી. વાઘેલા, જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ ઝાલા, ઉપાધ્યક્ષ મનુભાઈ બારોટ, મંત્રી કનુભાઈ પટેલ, તાલુકા પ્રમુખ ચંદ્રેશભાઈ પટેલ, મહામંત્રી બિપીનભાઈ પટેલ અને પાર્ટીના આગેવાન કાર્યકર્તાઓએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ અને પ્રકૃતિલક્ષી સદ્‌ભાવના પ્રગટ કરી હતી.

## ભાજપના ધારાસભ્યો-મંત્રીઓની બેઠકમાં લોકસભા ચૂંટણીની તૈયારી માટે માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ખાતે આજે મંત્રીઓ અને ધારાસભ્યોની મળેલી બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજ્યસભાના વિપક્ષના નેતા અરૂણ જેટલીએ આગામી લોકસભા ચૂંટણીની તૈયારી માટે માર્ગદર્શન આપ્યું હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સાંજે સ્વર્ણિમ સંકુલ ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં અને અરૂણ જેટલી અને પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુની ઉપસ્થિતિમાં રાજયમંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો, સાંસદોની એક બેઠક મળી હતી.

આ બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પર ભાજપને વિજય બનાવવા માટે કામ લાગી જવા તેમજ રાજ્ય સરકારની સિદ્ધિઓ અને પ્રજાલક્ષી કામગીરીને લોકો સમક્ષ લઈ જવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત કેન્દ્રની યુ.પી.એ. સરકારની નિષ્ફળતાઓ, યુ.પી.એ. સરકારના શાસનમાં થયેલા ભ્રષ્ટાચાર મોંઘવારી કૌભાંડો સહીતના મુદ્દાઓને પ્રજા સમક્ષ લઈ જવા અને કોંગ્રેસની પ્રજા ખેડૂત વિરોધી નીતિઓને ખુલ્લી પાડવા અને કયા મુદ્દાઓ ઉઠાવવા કેવા કાર્યક્રમો કરવા એ અંગે પણ ભાજપના રાષ્ટ્રીય નેતા અરૂણ જેટલી અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ગદર્શન આપ્યું હોવાનું જાણવા મળે છે.

# નબળા પરિણામ ધરાવતી શાળાના આચાર્યો માટે વર્કશોપ યોજાશે

## જિલ્લાની ૫ સહીત રાજયની ૧૫૦ શાળાના આચાર્યો જોડાશે

ગાંધીનગર, તા.૩૦

ધો-૧૦ બોર્ડ પરીક્ષામાં ૩૦ ટકાથી નીચું પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષકો સામે શિક્ષણ કમિશનર કક્ષાએથી પગલા લેવામાં આવ્યા છે. જયારે ઓછું પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા આગામી મહીનાના પ્રારંભે શાળાના આચાર્યો માટે વર્કશોપ યોજવામાં આવશે. માર્ચ ૨૦૧૩માં લેવાયેલી ધો-૧૦ની બોર્ડ પરીક્ષામાં રાજયની અમુક શાળાઓમાં પરિણામનું સ્તર અત્યંત નબળું હોવાનું પ્રકાશમાં આવતા શિક્ષણ વિભાગ દ્વારા ગણિત, વિજ્ઞાન-સહિતના વિષય શિક્ષકોની બદલી કરવા સુધીના પગલા લેવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લામાં પણ ધો-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫ જેટલી શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી નીચે હોવાનું માલુમ પડયું છે. શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધરે તેમજ પરિણામની ટકાવારી ઉંચી આવે તે માટે ઓગષ્ટ મહિનાના પ્રારંભે શાળાઓના આચાર્ય માટે એક ખાસ વર્કશોપ યોજવામાં આવનાર છે. જેમાં ગાંધીનગરની ૫ શાળાઓ ઉપરાંત રાજયની ૧૫૦ શાળાઓના આચાર્યો જોડાશે. આ દરમિયાન શાળાઓમાં પરિણામનું સ્તર સુધારવા આચાર્યોને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. વર્કશોપ બાદ દરેક જિલ્લાના ડી.ઈ.ઓ.ની બેઠક પણ મળશે. આ ઉપરાંત શિક્ષણ વિભાગના કમિશનર તેમજ જિલ્લા શિક્ષણાધિકારીઓની સાથે બેઠક યોજીને પરામર્શ કરશે. સરકારી શાળાઓમાં બોર્ડ પરિણામ નીચું આવતા જવાબદાર શિક્ષકો સામે પણ પગલાં લેવાઈ રહ્યા છે.

# વૃક્ષ ઉછેરથી મળેલા પરિણામો અંગેનું એક પુસ્તક વન વિભાગ તૈયાર કરશે

ગાંધીનગર, તા. ૩૦

રાજયમાં વૃક્ષ ઉછેરના પ્રયાસોને કારણે મળેલ પરિણામો અંગેનું એક પુસ્તક વન વિભાગ દ્વારા તૈયાર કરીને પ્રસિદ્ધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં જંગલ વિસ્તાર વધે એ ઉપરાંત પર્યાવરણની પણ જાળવણી થાય તે માટે જંગલ વિસ્તાર સિવાયના વિસ્તારોમાં પણ વૃક્ષ ઉછેરની કામગીરી વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે અને આ માટે સામાજીક વનીકરણ યોજના પણ અમલમાં મુકવામાં આવેલી છે.

આગામી ૧લી ઓગષ્ટના રોજ રાજયમાં ૬૪મો વન મહોત્સવ વન વિભાગ દ્વારા ઉજવવામાં આવનાર છે. આ વન મહોત્સવ માટે વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવનાર કામગીરી અંગેનું એક પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યું હતું અને સરકાર સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું.

આ પ્રેઝન્ટેશન દરમ્યાન રાજ્યના મુખ્ય સચિવે એવું સૂચન કર્યું હતું કે વન વિભાગ દ્વારા વૃક્ષ ઉછેર માટેના જે પ્રયાસો કરવામાં આવ્યા છે તેમાં વૃક્ષ ઉછેરથી કેવા પરિણામો મળ્યા છે. એ બાબતોને સંકલીત કરીને આ અંગેનું એક પુસ્તક તૈયાર કરીને બહાર પાડવું જોઈએ.

વન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સૂચનને પગલે વૃક્ષ ઉછેરના કારણે શું શું અને કેવા ફાયદાઓ થયા છે અને કેવા પરિણામો મળ્યા છે એ અંગેની વિગતો સંકલિત કરીને એક પુસ્તક તૈયાર કરવા માટેની કવાયત વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત નારેગા યોજના હેઠળ પ્રાઈવેટ ફાર્મર્સમાં પણ વૃક્ષ ઉછેરની કામગીરી હાથ ધરી શકાય એવા સૂચન સાથે આ અંગે બહોળી પ્રસિદ્ધિ કરવા માટેના પ્રયાસો કરવા માટે પણ વન વિભાગને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# માણસા આંગણવાડી સુપરવાઈઝર બે હજારની લાંચ લેતા ઝડપાઈ

## એસીબીએ છટકુ ગોઠવીને ઈશ્વરપુરા ગામમાંથી રંગેહાથ ઝડપી

ગાંધીનગર, તા. ૩૦

આંગણવાડીની કાર્યકર પાસેથી બીલ મંજુર કરવા માટે રૂ. ૨ હજારની લાંચની માંગણી કરનાર માણસા તાલુકાની આંગણવાડી મહિલા સુપરવાઈઝર એસીબીના છટકામાં આવી ગઈ છે. આજે બપોરે એસીબીની ટીમે છટકુ ગોઠવીને રૂ. ૨ હજારની લાંચ લેતા મહિલા સુપરવાઈઝરને રંગેહાથ ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માણસા તાલુકાની ૩૮ જેટલી આંગણવાડીઓ મહિલા સુપરવાઈઝર જશીબેન વિશાભાઈ દેસાઈના અન્ડરમાં આવતી હતી. બીલ પાસ કરવા, વિવિધ આંગણવાડીઓનું ચેકીંગ કરવુ સહિતની વિવિધ સત્તાઓ જશીબેનને મળી હતી. જેનો દુરૂપયોગ કરીને બીલ પાસ કરાવવા માટે તેમણે દેલવાડની આંગણવાડી કાર્યકર ગુજીબેન દશરથભાઈ ઠાકોર પાસેથી રૂ. ૨ હજારની લાંચ માંગી હતી અને માણસાના ઈશ્વરપુરા ગામે આપી જવા કહ્યું હતું. જેને પગલે ગુજીબેને ગાંધીનગર એસીબી પીઆઈ ડી.જે. ચાવડાને ફરીયાદ કરતાં તેમણે તેમની ટીમના પી.આઈ. આર.કે. પ્રજાપતિ સાથે મળીને આજે ઈશ્વરપુરા ગામે છટકુ ગોઠવ્યું હતું અને જશીબેનને રૂ. ૨ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ગાંધીનગર એસીબીએ તે સંદર્ભની ઊંડી તપાસ શરૂ કરી છે.



ઘ- માર્ગ પર સેકટર-૧૬નાં વળાંક પાસે બપોરના અરસામાં પેસેન્જર રીક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જવા પામ્યો હતો. અકસ્માતને પગલે રિક્ષા પલ્ટી મારી ગઈ હતી. જો કે સદભાગ્યે આ અકસ્માતની ઘટનામાં પણ કોઈને મોટી ઈજાઓ થવા પામી ન હતી. (તસવીર : વિપુલ ચૌહાણ)

# ફોર્સથી પાણી મળે તેવી જુના સેક્ટરના રહીશોની માગ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના જુના સેક્ટરો એટલે કે સેક્ટર-૧૫, ૧૬, ૧૭, ૨૨, ૨૧, ૨૪ માં પુરતા ફોર્સથી પાણી ના આવતા સ્થાનિકો પરેશાની ભોગવી રહ્યા છે. પાણી પુરતા ફોર્સથી ના મળતા પાણી સવારે આવે ત્યારે પાણી બહાર બનાવેલી ચોકડીમાંથી સ્થાનિકો ભરવા માટે મજબૂર થવુ પડે છે.

ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં ચરેડી ખાતેથી પાણીનો સપ્લાય થાય છે. પરંતુ છેલ્લા થોડા સમયથી પાણી પુરતા ફોર્સથી ના આવતા સ્થાનિકો ખુબજ હેરાન પરેશાન થઈ ગયા છે.

ઘણા સિનિયર સિટીઝનોને પાણી બહારથી ભરવામાં ખુબજ અગવળ પડી રહી છે. પરંતુ સ્થાનિકો અને અશક્ત લોકો બહારથી પાણી ભરવા માટે મજબુર થઈ રહ્યા છે અને પરેશાની ભોગવી રહ્યા છે. હવે સ્થાનિકો દ્વારા પાણી પુરતા ફોર્સમાં આવે તેવું ઈચ્છી રહ્યા છે.



ગાંધીનગર-ચિલોડા માર્ગ પર ચિલોડા સર્કલ નજીક એક કન્ટેનર ડીવાઈડર પર ઘુસી જવા પામ્યું હતું. સદભાગ્યે આ ઘટનામાં ડ્રાઈવર-કિલનરને મોટી ઈજાઓ થવા પામી ન હતી. જો કે ટ્રાફીક જામના દશ્યો સર્જાવા પામ્યા હતાં. (તસવીર : વિપુલ ચૌહાણ)

# રાજયાલના સમાજ કલ્યાણ નિધિના ટ્રસ્ટી મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીના અધ્યક્ષસ્થાને રાજયપાલશ્રીના સમાજકલ્યાણ નિધિના ટ્રસ્ટી મંડળની બેઠક આજે રાજભવન ખાતે યોજાઈ હતી.

બેઠકમાં કેટલીક સેવાભાવી સંસ્થાઓ હસ્તકની હોસ્પિટલોની તબીબી સાધનો વસાવવા માટેની સહાય દરખાસ્તો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજયપાલશ્રીના સમાજકલ્યાણ નિધિની પ્રવૃત્તિઓની પણ વિગતો આપવામાં આવી હતી.

આ બેઠકમાં ટ્રસ્ટી મંડળના સભ્યો તેમજ રાજભવનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## શબ્દાવલી - ૫૧૩૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | ૭ | | | ■ | |
| | ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | ■ |
| ■ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | | | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| | ■ | ૨૨ | | ■ | ૨૩ | | |

### આડી ચાવી

૧. અલગ અલગ રહેવું હોય તેવું જલ્દી કોઈ સાથે ભળી ન શકે તેવું (૩)
૩. વગ, ઓળખાણ (૪)
૬. ... ના હોય, ભોળપણ (૪)
૮. એપ્રિલફુલ, ડબ્બા... (૨)
૯. ઈચ્છા, આકાંક્ષા (૩)
૧૧. મોરના માથે... હોય (૩)
૧૩. વેરી, દુશ્મન (૩)
૧૪. પાટુ, પગથી ... મારવી (૨)
૧૫. ચરણ (૨)
૧૭. જુઠ્ઠું (૩)
૧૮. તપસ્યા, સાધના (૨)
૧૯. ડગલું, સાધના (૨)
૨૦. ખામી, ખોટ (૩)
૨૨. વજન (૨)
૨૩. વાઘ પોતાના શિકાર પર... મારે (૩)

### ઊભી ચાવી

૧. મબલખ, પુષ્કળ (૪)
૨. ડમરૂ (૪)
૩. મોકો (૨)
૪. દુઃખદાયી ઘટના, કરૂણ (૪)
૫. ગણપતિ (૩)
૭. સંગીતમાં સૂર અને... નો મેળ હોવો જોઈએ (૨)
૧૦. હકલકાઈ, લાંછન (૪)
૧૨. એકદમ નજીક (૪)
૧૩. વ્યવસ્થા (૪)
૧૬. વાતો, ગપ્પા મારવા (૪)
૧૭. સ્થિર, અચલ (૩)
૨૦. હૃદય, દિલ (૨)
૨૧. પરીક્ષા, કસોટી (૨)

### શબ્દાવલી ૫૧૩૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) અલંકાર (૪) જડાઉ (૬) રગડવું (૭) કિરણ (૯) કરા (૧૦) કમ (૧૧) નજરાણું (૧૩) જખમ (૧૪) ભલીવાર (૧૬) તલ (૧૮) દમન (૧૯) કેડ (૨૦) મણ (૨૧) મંદ (૨૨) પારો

**ઊભી ચાવી :-** (૧) અલૌકિક (૨) કારણ (૩) રગ (૪) જવું (૫) ઉપરાણું (૮) રમણભમણ (૯) કરામત (૧૧) નજરકેદ (૧૨) જખ (૧૫) લીન (૧૭) લવારો (૧૮) દમ

### વિશ્વસનીયતા અકબંધ... ● પહેલા પાનાનું ચાલુ

બેઠી છે. ભારત સરકાર યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવા જઈ રહી છે ત્યારે તેનાથી ઉભા થનારા ગંભીર સંકટનો નિર્દેશ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે યુરોપના દેશોના દૂધ અને તેની બનાવટોના ઉત્પાદનો ભારતે આયાત ખરીદવા પડશે અને તેનાથી ગુજરાત સહિત દેશના સહકારી ડેરી ઉદ્યોગના દૂધના મૂલ્યવર્ધિત ઉત્પાદનો ઉપર ગંભીરત્તમ આર્થિક ફટકો પડશે. ગુજરાતમાં આગામી તા. ૧૭-૧૮ ઓગસ્ટે ગ્રામવિકાસ ઉપર રાષ્ટ્રિય સેમિનાર અને સપ્ટેમ્બરમાં આંતરરાષ્ટ્રિય કૃષિ વિકાસનો ઈન્ટરનેશનલ એગ્રીટેક ફેર યોજવાના છે તેમાં નિર્ણાયક સહભાગી થવા મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ લોહપુરૂષ સરદાર પટેલ કિસાનના પુત્ર હતા અને ભારતની એખતાના શિલ્પી હતા તેમની સ્મૃતિને વિશ્વકક્ષાએ ગણમાન્ય સ્મારક બનાવવા નર્મદા ડેમ નજીક સ્મારકના નિર્માણ માટે હિન્દુસ્તાનના સાત લાખ ગામોમાંથી કિસાનો ખેટી માટે જે લોખંડના ઓજારો વાપરે છે તેમાંથી દરેક ગામમાંથી એક જૂનું ખેતીનું નાનું ઓજાર એકત્ર કરવાનું અભિયાન તા. ૩૧મી ઓક્ટોબરથી હાથ ધરાશે તેમાં હિન્દુસ્તાનભરમાં પથરાયેલી સહકારી સંસ્થાઓનું યોગદાન મળે તેવી પ્રરેક અપીલ કરી હતી. આ સંમેલનમાં મહારાષ્ટ્ર ખાંડ સહકારી વિકાસ પ્રવૃત્તિના પ્રણેતા શીવજીરાવ પાટીલ, ગુજરાત સહકારી સંઘ અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીન અને ભાદરણ સેવા સહકારી મંડળીના પ્રમુખ નૃપેશ પટેલનું બહુમાન મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### વિકાસ માટે ગ્રાન્ટ ... ● પહેલા પાનાનું ચાલુ

દરખાસ્ત તૈયાર કરી આગામી સામાન્ય સભામાં રજુ કરવા માટે હિસાબી અધિકારીને ભલામણ સહ જણાવવામાં આવ્યુ હતુ. આમ હવે પછી મળનારી સામાન્ય સભામાં પંચાયતના સભ્યોને સ્વભંડોળમાંથી ખાસ વિકાસ કામ માટેની ગ્રાન્ટ ઉપલબ્ધ થશે. પંચાયતમાં ખાસ કરીને સભ્યો રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો સૂચવતા હોય છે. આ ગ્રાન્ટ ઘણી અપૂરતી હોવાની રજુઆતો વારંવાર થતી રહી છે. એવા સંજોગોમાં પંચાયતની કારોબારીએ આ મહત્વની ભલામણ કરી દરખાસ્ત તૈયાર કરવા જણાવતાં પંચાયતના સભ્યોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

જો કે ગાંધીનગર જિલ્લા પંચાયતને સ્વભંડોળની આવકના સાધનો સિમિત રહ્યા છે. આ માટે નવા આવકના સાધનો પણ ઉભા કરવાની દિશામાં હવે તંત્રએ કવાયત હાથ ધરાવાની વિચારણા શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે.

નાણાં પંચની ગ્રાન્ટ અને રેતી કાંકરીની ગ્રાન્ટમાં અન્યાયની લાગણી પણ ઉભી થતી હતી તેમજ જિલ્લાના સર્વાંગી વિકાસને અગ્રતા આપવામાં તંત્રને પણ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ બધાજ પાસાંઓની વિચારણાને અંતે આજે પહેલીવાર કારોબારીએ આ મહત્વની ભલામણ કરી છે. દરખાસ્ત તાજેતરમાં ૧ ૩મા નાણાં પંચની ગ્રાન્ટ પેટે ઉપલબ્ધ થયેલા નાણાંને લઈ સભ્યોને પણ એક માસમાં તેમના વિસ્તારમાં હાથ ધરવાના થતા કામો અંગેની દરખાસ્ત મોકલી આપવા અપીલ કરી જણાવવામાં આવ્યું છે. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે આજે કારોબારી સમિતિમાં મોટાભાગના નિર્ણયો બહુમતિથી થયા હતા. જો કે સભ્યોને ગ્રાન્ટ ફાળવવાની ભલામણ સર્વાનુમતે થઈ હતી.

**જાહેર નિવિદા**

**પ્રિન્ટર તથા 4 in 1 ફેક્સ મશીન રીપેરીંગ તથા તેના ટોનર રીફીલીંગ કરવા અંગેની નિવિદા**

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૧૧-૧૨-૧૪, બીજો માળ
ઉદ્યોગ ભવન, ગાંધીનગર
ફોન : ૨૩૨૫૭૫૦૦-૫૦૩

કચેરીના પ્રિન્ટર તથા 4 in 1 ફેક્સ મશીન રીપેરીંગ તથા ટોનર / રીબન રીફીલીંગ માટેની વાર્ષિક જાળવણીની કામગીરીમાં રસ ધરાવતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તા. ૮-૮-૨૦૧૩ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા ભર્યેથી મળશે.

અધિક શ્રમ ાયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**માહિતી/૮૮૧/૧૩-૧૪**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**જાહેર નિવિદા**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની મુખ્ય કચેરી, 'જલસેવાભવન', સેક્ટર-૧૦/એ, ગાંધીનગર ખાતે કેનન કંપનીના ફેક્સ મશીનની એફ.એક્સ નવની ટોર્નર કાર્ટીજ ખરીદવાના વાર્ષિક યુનીટ દર માટેના ટેન્ડર મંગાવવામાં આવે છે. આ પ્રકારની કામગીરી કરેલ હશે તેવી સરકાર માન્ય રજીસ્ટ્રેશન ધરાવતી એજન્સીને ટેન્ડર આપવામાં આવશે. ટેન્ડર દર્શાવ્યા મુજબની ફી રૂ. ૩૦૦/- પ્રતિ ટેન્ડર બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૭-૮-૨૦૧૩ સુધી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ભાવો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટ મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી, મહેકમ - ૪, સ્ટોર શાખા, મુખ્ય કચેરી, જલસેવાભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગરને મોડામાં મોડા તા. ૧૬-૮-૧૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાનારહેશે. શક્ય હશે તો તા. ૧૬-૮-૨૦૧૩ના રોજ હાજર એન્જસીઓની રૂબરમાં ટેન્ડર ખોલવામાં આવશે. વિસ્તૃત વિગતો ઉપરોક્ત સરનામે કચેરી સમય દરમિયાન મેળવી શકાશે અથવા બોર્ડની વેબસાઈડ www.gwssb.org ઉપર મૂકવામાં આવી રહેલ છે.

**માહિતી/૮૭૭/૧૩-૧૪**